## જન્મદિને વધામણી


સુવાસ બારોટ
એક્ઝી. ડાયરેક્ટર, ઇન્ફોસિટી
મો. ૭૦૯૯૯ ૩૯૮૭૯


સંજય થોરાત 'સ્વજન'
ઉપાધ્યક્ષ, ગાંધીનગર સાહિત્યસભા
મો : ૯૪૨૬૮ ૮૦૪૦૦


ભવાનસિંહ જી ચૌહાણ
મો : ૯૯૦૪૪ ૧૭૫૨૧


ઝરણા નિકુંજ મિસ્ત્રી


પ્રશમ હેમાંગ ગાંધી

### ૧૮૫ તાલીમાર્થીઓ કલાનાં ઓજસ પાથરી નગરને અજવાળશે

# આજે ગાંધીનગર કલ્ચરલ ફોરમની 'અભિવ્યક્તિ'

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગ, સ્કૂલ ઑફ મ્યુઝિક, સ્કૂલ ઑફ પર્સનાલિટી ડૅવલપમૅન્ટ, સ્કૂલ ઑફ ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ અને સ્કૂલ ઑફ ડાન્સના તાલીમાર્થીઓનો સ્ટેજ શો રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે

ગાંધીનગર, તા. ૭
નગરની સૌથી મોટી અને અનેકવિધ કાર્યક્રમો માટે જાણીતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંચાલિત વિવિધ કલા તાલીમ વર્ગોનો સમાપન સમારોહ શનિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં કલ્ચરલ ફોરમના મંત્રી પ્રકાશ લાલાએ જણાવ્યું છે કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા છેલ્લાં સાત વર્ષથી નિયમિત રીતે જુલાઈથી ડિસેમ્બર દરમિયાન વિવિધ કલા માટેના તાલીમ વર્ગો કલાર્થીઓ માટે ચલાવવામાં આવે છે.

આ વર્ષે પણ સ્કૂલ ઑફ ઍક્ટિંગ, સ્કૂલ ઑફ મ્યુઝિક, સ્કૂલ ઑફ પર્સનાલિટી ડૅવલપમૅન્ટ, સ્કૂલ ઑફ ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગ અને સ્કૂલ ઑફ ડાન્સના તાલીમ વર્ગો સંસ્થા દ્વારા ચલાવવામાં આવ્યા હતા. આ તાલીમ વર્ગો પૂર્ણ થતાં શનિવાર, તા. ૭ ડિસેમ્બરના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સઘળી સ્કૂલ્સના મળીને કુલ ૧૮૫ તાલીમાર્થીઓ પોતાની કલાનું પ્રદર્શન કરશે.

આ પ્રસંગે તાલીમાર્થીઓને દિક્ષિત કરવા અભિનેત્રી, લેખિકા અને આરજે આરતી પટેલ, નિર્માતા-દિગ્દર્શક સંદિપ પટેલ અને સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રિન્સિપાલ ફાધર એસ જે દૂરાઈ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ અંતર્ગત સ્કૂલ ઑફ ડ્રોઈંગ અને પેઈન્ટિંગના તાલીમાર્થીઓનાં ચિત્રોનું પ્રદર્શન ટાઉહૉલ ખાતે યોજવામાં આવશે. આ ઉપરાંત સ્કૂલ ઑફ મ્યુઝિકના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ મૂડ અને તરાહનાં ગીતો, સ્કૂલ ઑફ પર્સનાલિટી ડૅવલપમૅન્ટના તાલીમાર્થીઓ દ્વારા કાર્યક્રમ સંચાલન અને વાણી અભિવ્યક્તિ, સ્કૂલ ઑફ ડાન્સના તાલીમાર્થીઓ દ્વારા ફ્યુઝન ડાન્સ અને સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા ત્રણ નાટકોની પ્રસ્તુતિ કરવામાં આવશે, જે પૈકી એક બાળનાટક છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો ઉપરાંત ગાંધીનગરના કલારસિક પ્રેક્ષકો માટે આ મોહક કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સૌ કલારસિકોને આ પ્રસંગે પધારવા અને કલાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેમણે સંસ્થા તરફથી આમંત્રણ પાઠવ્યું છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## શ્રી જે બી પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૮ના ૨૩૫૫ વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલા આરોગ્ય તપાસ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓની ઊંચાઈ, વજન સહિત આંખ, નાક, ગળા, દાંત તેમજ તમામ આંતરિક અવયવોની ઝીણવટભરી આરોગ્યલક્ષી તપાસ આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવી હતી. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકાર દ્વારા વિશેષ સારવાર પણ આપવામાં આવી હતી.

## શ્રીમતી આર એન પટેલ સ્કૂલમાં ડ્રોઈંગ કૉમ્પિટીશનનું આયોજન



ગાંધીનગર, તા. ૭
શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે ધોરણ-૨ અને ૩ના વિદ્યાર્થીઓ માટે આઈટીસી દ્વારા ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬૩ વિદ્યાર્થીઓએ કાર્ટૂન, દશ્યચિત્ર થીમ પર પોતાની કલ્પનાની અભિવ્યક્તિ ચિત્ર સ્વરૂપે ડ્રોઈંગ પેપર ઉપર ઉતારી હતી. ભાગ લેનારા પ્રત્યેક વિદ્યાર્થીને આઈટીસી દ્વારા ડ્રોઈંગ પેપર સાથે કલર્સની કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને આ સ્પર્ધા માટે માર્ગદર્શન શિક્ષક રાજુભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રકક્ષાની ડાન્સ સ્કેટ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડી ઝળક્યા





ગાંધીનગર, તા. ૭
તાજેતરમાં ગાંધીનગર ખાતે રાષ્ટ્રયક્ષાની ડાન્સ સ્કેટ સ્પોટ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી આવેલા ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગરની બીઍસકેટ ટીમના સભ્યોએ આ સ્પર્ધામાં ભાગ લઈને ઈનામો જીત્યાં હતાં અને ગાંધીનગરનું તથા રાજ્યનું નામ રોશન કર્યું હતું.

જયનમ રાવલ, શ્રાવી પટેલ, ઈશાની ગોસ્વામી, દિયા રાઠોડ, વેધા પટેલ, ખુશી પટેલ, પાર્થરાજસિંહ જાડેજા, દેવાંશ રાવલ, દિયા શાહ, પ્રિન્સી પટેલ, અભિ પટેલ, હેત પટેલ, ધ્રુવ પટેલ, ધર્મેશ પટેલ, સ્નેહ પટેલ, દેવાંશ કોન્ટ્રાક્ટર, ચિરાયુ ઓઝા, પ્રત્યુષ જોષી, ધ્યાના ખડિયા, વંદન કોટક અને વેદ કોટક દ્વારા આ સ્પર્ધામાં ઈનામો પ્રાપ્ત કરવામાં આવ્યાં હતાં. આ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયર અને કોરિયોગ્રાફર જિતેન્દ્રભાઈ, મેગી, સંદીપ દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

## રવિવારે સર્કિટ હાઉસમાં કાવ્યગોષ્ઠિ

ગાંધીનગર, તા. ૮
ગાંધીનગર સાહિત્ય સભા અને તોફાની તાંડવ અખબારના સંયુક્ત ઉપક્રમે રવિવારે સ્નેહમિલન અને કાવ્યગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉએ જણાવ્યું છે કે તા. ૯ ડિસેમ્બર ને રવિવારે સાંજે ૪થી ૮ દરમિયાન ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ભાગ્યેશ જ્હા, ભાનુભાઈ પુરાણી, કેશુભાઈ દેસાઈ, મનસુખભાઈ બારાઈ, રાજેશભાઈ ઠક્કર અને લતા કાગુના આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

સાહિત્ય સભાના સભ્યો રસ ધરાવતા સૌ કાવ્ય પ્રમીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે ગાંધીનગર સાહિત્ય સભા વતી ઈજન પાઠવ્યું છે.

# માસ કોમ્યુનિકેશન કોર્સ વિશે માહિતી આપશો

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com questions.careercorner પર.

**૧. હું ધોરણ-૧૨ કોમેર્સમાં અભ્યાસ કરું છું. માસ કમ્યુનિકેશનના કોર્સ વિષે માહિતી આપશો. શું આ કોર્સ કરવો યોગ્ય છે?**

**- મનપ્રીત કૌર, અમદાવાદ**

મનવીર, આપ ચોક્કસ આ કોર્સ કરી શકો છો, જો આપને આ કોર્સમાં રસ હોય તો! આ કોર્સ આપ ધોરણ ૧૨ પછી કરી શકો છો. આ કોર્સમાં મુખ્યત્વે આપને બી.એ. (માસ કમ્યુનિકેશન) અથવા બી.એમ.સી. એટ્લે કે બેચલર ઓફ માસ કમ્યુનિકેશનની ડિગ્રી મળતી હોય છે. આના સિવાય બેચલર ઓફ જર્નાલિઝમ અને વિષય પ્રમાણે સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ હોય છે જેમાં એક્ટીંગ, ફિલ્મ ડિરેકશન, સિનેમેટોગ્રાફી, ઓડિયોગ્રાફી, સાઉન્ડ રેર્કોર્ડિંગ, એડીટીંગ, ડ્રામેટિક્સ, આર્ટસ, એનીમેશન, સ્કીનપ્લે, લેખન, ફોટોગ્રાફી, વિગેરે ઉપરાંત મીડીયાને લગતા વિષયોનો સમાવેશ થાય છે. ભારતમાં 'માસ કોમ્યુનીકેશન'ની જે કોલેજો છે એમાં ટોચની ૧૦માં અમદાવાદની 'મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન'' (માઈકા( પહેલા નંબરે ગણાય છે. મુદ્રા ઈન્સ્ટીટ્યુટમાં મોટાભાગે અનુસ્નાતક કોર્સ અથવા તો સર્ટિફિકેટ કોર્સ જ કરવવામાં આવે છે. એ સિવાય અન્ય કોલેજ એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ, જામીયા મીલીઆ ઈસ્લામીઆ, સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એંડ કમ્યુનિકેશન, સેંટ જેવિયર્સ, વિગેરે કોલેજનો સમાવેશ થાય છે. બી.એ. માસ કમ્યુનિકેશન ગ્રેજ્યુએટ્સને ટીવી કોરસપોન્ડન્ટ, પત્રકાર, લેખક, ફેશન ફોટોગ્રાફર, ફોટોજર્નલિસ્ટ, પ્રોડક્શન વર્કર, ફિલ્મ ડિરેક્ટર, પબ્લિક રિલેશન્સ ઑફિસર, રેડિયો જૉકી (આરજે), વિડીયો જોકી (વીજે), સ્કિનલેખક, રિપોર્ટર, સાઉન્ડ સ્પેશિયાલિસ્ટ જેવી ક્ષમતાઓમાં રાખવામાં આવે છે. મીડિયા, માસ




કોમ્યુનિકેશન જેવાં ક્ષેત્રોમાં શુદ્ધ ઉચ્ચારણ અને ભાષા ઉપર પ્રભુત્વ જરૂરી છે અને આ કોર્સ એ કૌશલ્ય આપે છે. એ સિવાય આપની અંદર સર્જનાત્મકતા હોવી જરૂરી છે જે તમને ચોક્કસ મદદરૂપ થશે.અને એક જરૂરી વાત એ પણ છે કે આ ક્ષેત્રમાં ધીરજ રાખવું ખૂબ જરૂરી છે કારણકે બની શકે આ ક્ષેત્રમાં સફળતા મળતા વાર લાગે પણ જો આપ ધીરજ જાળવી આપના ધ્યેયને વળગી રહેશો તો ચોક્કસ સફળતા ને પ્રાપ્ત કરી શક્શો. દરેક રાજ્યની સરકાર અને કેન્દ્ર સરકારમાં પણ કમ્યુનિકેશન પ્રોફેશનલ્સની ડિમાન્ડ હોય છે. આમ આ કોર્સ ખૂબજ સરસ છે, કોમ્પિટિશન ઓછી છે અને જો આપ રસ ધરાવતા હોવ તો આ ક્ષેત્ર આપના માટે ખુબ લાભદાયી બની શકે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું હાલ ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. હોટેલ મેનેજમેંટના અલગ-અલગ ડિપાર્ટમેંટ વિષે માહિતી આપવા વિનંતી.**

**- જયકુમાર બંસવાની, અમદાવાદ**

હોટેલ મેનેજમેંટમાં આપના માટે પ્રાઈવેટ કંપની અને ગવરમેન્ટ (સરકારી) ક્ષેત્રમાં કારકિર્દીની તકો રહેલી છે. આ વિકલ્પ માટે આપ ધોરણ ૧૨ પછી એન. સી. એચ. એમ. સી. ટી.- જે. ઈ. ઈ.ની પરીક્ષા આપી કોઈ પણ સારી કોલેજમાં એડ્મીશન લઈ શકો છો. ઉપરોક્ત જણાવેલ પરીક્ષાથી આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.એચ.એમ. કોલેજમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જે ડિગ્રી સામાન્ય રીતે મળતી હોય છે તેને બી.એચ.એમ. કહવાય છે. આપે એક વાત ધ્યાનમાં રાખવી કે આપે બી.એચ.એમ. કોઈ સારી એટ્લે કે પ્રતિષ્ઠિત કોલજમાંથી જ કરવું જેથી આપને સારી તકો મળી રહે. હવે આ કોર્સમાં આવતા અલગ-અલગ ડિપાર્ટમેન્ટની વાત કરીએ તો તેમાં મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે. હાઉસકીપીંગ એન્ડ કેટરીંગ એટ્લે કે રખરખાર, ફૂડ એંન્ડ બેવરેજિસ એટ્લે કે કૂકિંગ, ફંટ ઓફિસ અને સેલ્સ કે જેમાં આપને




હોટેલમાં આપતી સર્વિસિસનું વેચાણ કરવાનું હોય છે. આપ આપના મનપસંદ વિભાગનું ચયન કરી શકો છો અને તેમાં પોતાના માટે એક સફળ કારકિર્દી બનાવી શકો છો. ધ્યાનમાં રાખવા લાયક બાબત એ છે કે બી.એચ.એમ. કર્યા પછી આપને જોબ માત્ર હોટલ માં જ નહીં પરંતુ રેસ્ટોરન્ટ, બાર, કોફી ચેન જેમ કે સી.સી.ડી., અને એવી કોઈ પણ જગ્યા જ્યાં સર્વિસ મહત્વની હોય ત્યાં આપને જોબ મળી શકે છે. આખા ભારતમાં સરવાળે ૧૮ આઈ.એચ.એમ. આવેલ છે જેમ કે આઈ.એચ.એમ દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ વગેરે ટોચ પર આવે છે. આઈ.એચ.એમ ગુજરાતમાં પણ છે જે ગાંધીનગર સ્થિત છે. એન. સી. એચ. એમ. સી. ટી. સિવાય આપ અન્ય મુખ્ય પરીક્ષા જેમ કે સિંબાયોસિસ, યૂ.જી.એ.ટી., મહારાષ્ટ્ર સી.ઈ.ટી., વિગેરે પરીક્ષાઓ આપી શકો છો. ઉપર જણાવ્યા મુજબ આપ કોઈ પણ સારી કોલેજમાંથી પોતાની ડિગ્રી લેશો તો આપનું ભવિષ્ય ચોક્કસપણે ઉજ્વળ બનશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.એસ.સી.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરું છું. પોલિસ ડિપાર્ટમેંટમાં જોબ મેળવવા શું કરવું જોઈએ?**

**- જૈમિન પટેલ, માણસા**

જૈમિન, આપને ખ્યાલ જ હશે કે દરેક રાજ્યનું પોલિસ ડિપાર્ટમેન્ટ જે તે રાજ્ય સરકારને હસ્તગત હોય છે. એટલેજ એ માટેની ભરતી પણ જે તે રાજ્ય સરકાર કરે છે. પોલિસ ડિપાર્ટમેન્ટમાં કોન્સ્ટેબલથી લઈ ને એસ.પી. સુધીના એકાધિક ડિપાર્ટમેન્ટ આવેલ હોય જેની પરોક્ષ અથવા પ્રત્યક્ષ ભરતી રાજ્ય સરકાર ધ્વારા થતી હોય છે. આ દરેક પોસ્ટ માટે ભરતી સામાન્ય રીતે પ્રવેશ પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. સૌ પ્રથમ સૌથી પ્રાથમિક સ્તરની વાત કરીએ તો એ છે કોન્સ્ટેબલ જેમા બે વિભાગ આવેલ હોય છે - એક છે હથિયારધારી અને અન્ય છે બિનહથિયારધારી. આ જગ્યા વર્ગ-૩ની કહેવામાં આવે છે. આ જગ્યા માટેની લાયકાત ધોરણ ૧૨ પાસ હોય છે. આ સ્તરથી ઉપર એક પોસ્ટ આવે છે કે જે છે



એ.એસ.આઈ. અને પી.એસ.આઈ. આ બંને જગ્યાનો સમાવેશ ઉચ્ચ વર્ગ-૩માં થાય છે એટલે એ તેના પગાર ધોરણ અને હોદ્દો કોંસ્ટેબલ કરતા ઉંચો હોય છે. બંને જગ્યા માટેની લાયકાત સ્નાતક કક્ષાની હોય છે. એના પછી વાત કરીએ તો વર્ગ-૨ની પોસ્ટ માટે પી.આઈ. એટ્લે કે પોલિસ ઈન્સ્પેક્ટર અને ડી.વાય.એસ.પી. એટ્લે કે ડેપ્યુટી સુપ્રિટેનડંટ ઓફ પોલિસ ની ડાઈરેક્ટ ભરતી જી.પી.એસ.સી. દ્વારા થાય છે. આની લયકાત પણ સ્નાતક કક્ષાની હોય છે. ધ્યાન રાખવા લાયક બાબત એ છે કે પોલિસ એટ્લે રક્ષાદળ અને એટલા માટેજ દરેક જગ્યા માટે આપની યોગ્ય શારીરિક ક્ષમતા હોવી જરૂરી છે. શારીરિક ક્ષમતાની કસોટી અલગથી લેવાતી હોય છે. ઉપરોક્ત જણાવેલ જગ્યાઓ સિવાય જો આપને ખૂબજ સિનિયર પોલિસ અધિકારી બનવું હોય તો આપે યૂ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા આપવાની રહે છે. આ પરીક્ષા દ્વારા, આપના મેરીટ પ્રમાણે, આપ એક આઈ. પી. એસ. ઓફિસર બની શકો છો. આઈ. પી. એસ. ઓફિસર એક ખુબજ સિનિયર પોસ્ટ છે. આપ ચોક્કસ દિશામાં મેહનત કરશો અને શારીરિક બાબતોની તૈયારી અત્યારથી જ કરશો તો આપને સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!


ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

**બેચલર ઓફ જર્નાલિઝમ અને વિષય પ્રમાણે સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ હોય છે જેમાં એક્ટીંગ, ફિલ્મ ડિરેકશન, સિનેમેટોગ્રાફી, ઓડિયોગ્રાફી, સાઉન્ડ રેર્કોર્ડિંગ, એડીટીંગ, ડ્રામેટિક્સ, આર્ટસ, એનીમેશન, સ્કીનપ્લે, લેખન, ફોટોગ્રાફી, વિગેરે ઉપરાંત મીડીયાને લગતા વિષયોનો સમાવેશ થાય છે**

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૮મો મણકો ॥**

પ્યારેલાલે ગાંધીજીના મૃત્યુ પછીનો એક પ્રસંગ નોંધતાં લખ્યું છે કે ડૉ. આંબેડકર પોતાનાં લગ્નની કંકોતરી આપવા માટે આવ્યા હતા ત્યારે બોલ્યા હતા, 'બાપુ જો આજે હોત તો કેટલા રાજી થાત ?' કારણ કે આંબેડકર ગાંધીજીની પ્રતિજ્ઞા જાણતા હતા : 'લગ્ન કરનાર વર કે કન્યા બેમાંથી એક દલિત હોય અને એક સવર્ણ હોય તો જ હું લગ્નમાં હાજરી આપું.' આંબેડકર એક સવર્ણ કન્યા સાથે લગ્ન કરી રહ્યા હતા અને તેથી તેમણે એમ કહ્યું હતું : 'બાપુ જો આજે હોત તો કેટલા રાજી થાત ?'



ગાંધીજી દલિતોને અલગ મતદાર મંડળ આપવાની બાબતના વિરોધી ન હતા. પણ તેઓ એ બાબત સારી રીતે સમજતા હતા કે બહુમતિના માનસને ફેરવ્યા વિના દલિતોની સ્થિતિમાં કોઈ ફેર નહીં પડી શકે. તેમણે તો એમ પણ જણાવ્યું હતું કે 'મુસ્લિમોને રિઝર્વેશન મળ્યું છે એનું કારણ એ છે કે મુસ્લિમો કાયમને માટે મુસ્લિમ જ રહેવા માંગે છે. તો શું દલિતો પણ કાયમ માટે દલિત જ રહેવા માંગે છે ?' જોકે, દલિત શબ્દ તો ત્યારે નહોતો પણ શબ્દ અસ્પૃશ્ય હતો. અને ગાંધીજી એવું ઈચ્છતા હતા કે અસ્પૃશ્યો કાયમ માટે અસ્પૃશ્યો ન રહેવા જોઈએ. કેમ તેઓ આવું ઈચ્છતા હતા ? એ દર્શાવતો એક પ્રસંગ.

મહારાષ્ટ્રમાં મરાઠવાડા યુનિવર્સિટીનું નામ ડૉ. આંબેડકરના નામ સાથે જોડાય એવો ઠરાવ મુંબઈની ધારાસભામાં કરવામાં આવ્યો. એ કારણે મહારાષ્ટ્રનાં ૮૦ ગામોમાં હરિજનવાસ બાળવામાં આવ્યા હતા. વિચારો. મરાઠવાડા યુનિવર્સિટીની આગળ ડૉ. આંબેડકરનું નામ જોડાય એ બાબત માત્રથી ૮૦ ગામોનાં હરિજનવાસ બાળવામાં આવ્યાં હતાં. તો જો દેશમાં દલિતોને અલગ મતદાર મંડળ આપવામાં આવ્યું હોત તો દેશભરના દલિતોની હાલત શું થાત ? એ હરિજનો કે જેમાંના મોટાભાગના અભણ હતા, ગરીબ હતા અને વિખરાયેલા હતા. એમની હાલત શું થાત ? આ વાત તેમને પોસાય એવી ન હતી. એનીય ચિંતા હતી ગાંધીજીને.





આ દેશનો આ મિજાજ ગાંધીજી પિછાણતા હતા અને એ કારણે જ માત્ર રિઝર્વેશનથી સમસ્યાનો હલ નહીં આવે એવું તેઓ જાણતા હતા.

આવો જ મતભેદ ગાંધીજીને ભગતસિંહ સાથે પણ હતો એવું ઘણા લોકો કહે છે. પણ આ વાતમાં જરાય તથ્ય નથી. આવું કહેનારા લોકોને ઈતિહાસની ખબર જ નથી. કારણ કે ગાંધીજી અને ભગતસિંહ એકબીજાને ક્યારેય મળ્યા જ નથી, પછી મતભેદનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ? કેટલાક લોકો એમ પણ કહે છે કે ગાંધીજીએ ભગતસિંહને છોડાવવાના પ્રયાસ નહોતા કર્યા. પણ એ વાતેય સાચી નથી. મહાદેવભાઈની ડાયરી એ બાબતની સાક્ષી છે કે ગાંધીજીએ પ્રયાસ કર્યા હતા. વાઈસરૉય ઈરવીન સાથે તેમની ચર્ચાઓ ચાલી રહી હતી ત્યારે દ્વિર્જ્ક ઈીકીીહિષ્ઠીજ (ચર્ચા માટેના મુદ્દાઓ)માં આ વાત ન હતી. તેમ છતાં ગાંધીજીએ વાઈસરોયને આ બાબતની ભલામણ કરી હતી. ચર્ચા માટેના મુદ્દા પૂર્ણ થઈ ગયા પછી ગાંધીજીએ એ બાબતની સ્પષ્ટતા કરી હતી કે આ બાબત ચર્ચા માટેના મુદ્દામાં નથી તેમ છતાં હું આપને વિનંતી કરું છું કે એ ત્રણેય યુવાનોને છોડવામાં આવે. આમ, ગાંધીજીએ માત્ર ભગતસિંહની જ નહીં, સુખદેવ અને રાજગુરુની મુક્તિ માટેય વિનંતી કરી હતી. પણ લૉર્ડ ઈરવીનના હાથમાં તેમની મુક્તિનો નિર્ણય હતો નહીં. એ નિર્ણય તો ઈંગ્લેન્ડમાં બેઠેલા ચર્ચિલના હાથમાં હતો અને એ માને એમ નહોતો. આમ જે વાત વાઈસરૉયના હાથમાં ન હતી એ બાબતે ગાંધીજી શું કરી શકે તેમ હતા ? તેમ છતાં લોકોને તો એ વાતની જાણ જ ન હતી. એ જ કારણે ગાંધીજી જ્યારે કરાંચીના રેલવે સ્ટેશને પહોંચ્યા ત્યારે લોકોના એક જૂથે તેમનું સ્વાગત કપડાનાં કાળાં ફૂલથી કર્યું. આ કારણે ગાંધીજીના સમર્થકોએ તે જૂથના લોકોને ધક્કે ચડાવવાનો પ્રયાસ કર્યો પણ ગાંધીજીએ તેમને વાર્યા ને કહ્યું, 'એમને (ભગતસિંહ-સુખદેવ-રાજગુરુ) માટે મેં શું પ્રયત્ન કર્યા એની આ લોકોને ખબર નથી તેથી તેઓ આમ કરી રહ્યા છે. સારું છે કે એમણે મને પથ્થર નથી માર્યા. ભલે કપડાંનાં ને કાળાં પણ તેમણે મને ફૂલો જ આપ્યાં છે !'

બેરીસ્ટર અશરફઅલીએ આ ત્રણ નૌજવાનો માટે દયાની અરજી કરવાનું વિચાર્યું હતું તે જોઈને ગાંધીજીએ એમ પણ કહ્યું હતું કે વીર પુરુષોને છોડાવવા માટેની અરજી આવી રીતે કરાય ? એ તો એવી જ બહાદુરીભરી ભાષામાં થવી જોઈએ. લાવો, હું લખી આપું.'

ગાંધીજી દ્રઢતાપૂર્વક એવું માનતા કે સ્વરાજ માંગવાનો હક્ક સૌને સરખો છે. ક્રાંતિકારીઓ દ્વારા સ્વરાજ માંગવાની વાતથી તેઓ અસંમત ન હતા, માત્ર તેમની રીતમાં તેઓ સંમત નહોતા. તેઓ ક્રાંતિકારીઓની ફનાગીરીને સલામને લાયક ગણતા ને તેમની બહાદુરીને પણ સારી ગણતા. પરંતુ તેનો રસ્તો અવળો ગયેલો છે એમ તેઓ માનતા અને એમ પણ કે હિંસક રસ્તો આપણા દેશને પોસાય તેવો નથી. એ જ કારણે તેમણે હિંસાને ક્યારેય સમર્થન આપ્યું નહોતું. પંજાબ-બંગાળની જેલમાંથી જ્યારે શંકાને આધારે પકડી લેવામાં આવેલા માણસો પૈકી ગાંધીજી જેમની બાંહેધરી આપે તેમને છોડાવવાનું નક્કી થયું ત્યારે ગાંધીજીએ આવા ૧૧૦૦ જેટલા માણસોને જેલમાંથી છોડાવ્યા હતા, તેમની અહિંસાની બાંહેધરી તેમણે લીધી હતી. જોકે, એમાં વીણા દાસ જેવાય હતા, જેમણે બાપુને સામે ચાલીને એમ કહી દીધું હતું કે 'હું અહીંથી બહાર જઈશ તો ફરી હિંસાનો રસ્તો અખત્યાર કરીશ. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ